# મારી શાળા સલામત શાળા

## ધોરણ ૬-૭-૮

શિક્ષક આવૃત્તિ




નિર્માણ

ગુજરાત શૈક્ષણિક સંશોધન અને તાલીમ પરિષદ
ગાંધીનગર

GSDMA
ગુજરાત રાજ્ય આપત્તિ વ્યવસ્થાપન સત્તામંડળ
ગાંધીનગર

# અગ્નિશમન યંત્રોની ઓળખ અને તેના ઉપયોગો



**પ્રેરક :**

શ્રી બી. એમ. પટેલ
રીડર (તાલીમ), જી.સી.ઈ.આર.ટી.
ગાંધીનગર

શ્રી આર. આર. પટેલ
સચિવ, જી.સી.ઈ.આર.ટી.
ગાંધીનગર

**માર્ગદર્શક :**

ડૉ. સંજય બી. ત્રિવેદી
રીસર્ચ એસોસિએટ,
જી.સી.ઈ.આર.ટી., ગાંધીનગર

શ્રી અંજુબેન શર્મા
સી.ઈ.ઓ., જી.એસ.ડી.એમ.એ.,
ગાંધીનગર

શ્રી મિહિર ર. ભટ્ટ
ડાયરેક્ટર, એ.આઈ.ડી.એમ.આઈ.
અમદાવાદ

**કન્વીનર :**

સુમેધભાઈ પાટીલ
શ્રી પિયુષભાઈ રામટેકે
જી.એસ.ડી.એમ.એ., ગાંધીનગર

સુશ્રી વંદનાબેન ચૌહાણ
એ.આઈ.ડી.એમ.આઈ.,
અમદાવાદ

**લેખન :**

શ્રી ગિરિશગિરિ એન. ગોસાઈ
ડૉ. નમ્રતાબેન બી. ઉપાધ્યાય
ધર્મેન્દ્ર જે. ચાવડા
શ્રી ગોવિંદભાઈ કે. તળપદા
શ્રી કાશીનાથ જી. જાધવ

**ચિત્રાંકન :**

શ્રી લાલજીભાઈ જે. કંજારીયા
શ્રી યોગેશ એચ. ચૌધરી
શ્રી કે. બી. કુંડરીયા
શ્રી ભરત બી. સેડલા
શ્રી દિનેશ વી. પટેલ

**ટાઈટલ ડિઝાઈન :**

ધર્મેન્દ્ર જે. ચાવડા

**ટાઈપ સેટીંગ :**

પ્રદીપકુમાર ડી. વ્યાસ

**મુદ્રણ :**

# પ્રસ્તાવના

શિક્ષક મિત્રો,

શાળાને સ્વચ્છ, સલામત અને શૈક્ષણિક પ્રવૃત્તિઓથી સમૃદ્ધ રાખવી એ આપણી ફરજ છે. આપણા ઘર કુટુંબ, શાળા અને સમાજમાં સમસ્યાઓ આવતી હોય છે. તેને આપણે કુનેહપૂર્વક હલ કરીએ છીએ. એ બધી મુશ્કેલીઓ માનવસર્જીત હોય છે. એ જ રીતે તાલુકા, જિલ્લા, રાજ્ય, દેશ અને આંતરરાષ્ટ્રીય કક્ષાએ ઘણા બધા પ્રકારની મુશ્કેલીઓ આવે છે. આ મુશ્કેલીઓ માનવસર્જિત અને કુદરત સર્જીત એમ બે પ્રકારની હોય છે. માનવસર્જીત સમસ્યાઓ આપણી બેદરકારીથી થાય છે તેને હલ કરી શકાય છે પણ કુદરત સર્જીત મુશ્કેલીઓ બહુ જ ભયંકર હોય છે તેને હલ કરતાં મહિનાઓ અને વર્ષો પસાર થઈ જાય છે.

કુદરતી અને માનવસર્જિત બંને મુશ્કેલીઓ આવતા પહેલાં, દરમ્યાન અને તેના પછી શું શું કરવું જોઈએ તે અંગેની માહિતી આપણે જો બાળકોને આપીએ તો અગમચેતીથી ઘણું બધું બચાવી શકાય છે. આપણે આપણું રક્ષણ કરી શકીએ છીએ અને બીજાને પણ મદદ કરી શકીએ છીએ. મુશ્કેલીઓ આવે ત્યારે જ માનવને સારી રીતે ઓળખી શકાય છે અને તેના દ્વારા માણસો એકબીજાની નજીક આવે છે. પરસ્પર સંવાદિતા સ્થપાય છે.

માનવસર્જિત મુશ્કેલીઓમાં રોડ ક્રોસિંગમાં બેદરકારી, ટ્રાફિકનાં નિયમોનો ભંગ, વીજળીથી ચાલતાં સાધનોના ઉપયોગમાં અસાવધાની, ફટાકડાં ફોડવામાં બેદરકારી, પતંગ ચગાવતાં બેધ્યાન રહેવું, ઝીબ્રા ક્રોસિંગમાં બેદરકારી, હોળી ધૂળેટીની રમત વખતે રંગ, કાદવ વગેરેનો ખરાબ ઉપયોગ, ફૂટપાથ પર ન ચાલવું, ગમે ત્યાં થૂંકવું, ગમે ત્યાં કચરો ફેંકવો, ગમે ત્યાં ઊભા રહી લઘુશંકા કરવી, પાણી અને વીજળીને વેડફવી, નદીમાં કચરો નાંખવાની મૂર્ખાઈ કરવી, વાહન ચલાવવામાં બેદરકારી, રેલ્વે અકસ્માત, વ્યક્તિગત બેદરકારીથી આગનાં બનાવો બનવા, અફવા ફેલાવવી, હુલ્લડો થવાં અને બોમ્બવિસ્ફોટ વગેરેનો સમાવેશ થાય છે.

માનવસર્જિત અને કુદરતી મુશ્કેલીઓથી પોતાનું રક્ષણ મેળવવા માટે ડિઝાસ્ટર મેનેજમેન્ટની તાલીમ શિક્ષકો અને વિદ્યાર્થીઓને આપવાની થાય છે. આ તાલીમમાં કાર્ટૂન્સ, ચિત્રો, ચિત્રવાર્તા, રંગપૂરણી, પ્રોજેક્ટસ, પ્રવૃત્તિઓ, મોકડ્રીલ, આબોહવામાં પરિવર્તન અને પ્રાથમિક સારવાર કઈ રીતે આપવી તે ઉપરાંત બાળકોને જુદી જુદી મુશ્કેલીઓ ઊભી થવાનાં કારણો, આપત્તિ પહેલાંની, દરમ્યાનની અને પછીનાં કાર્યો અંગેની સચોટ માહિતી વિવિધ પ્રવૃત્તિઓ દ્વારા આપવામાં આવી છે.

શિક્ષકોએ આ તાલીમ સાહિત્યનું વિદ્યાર્થીઓને પ્રવૃત્તિ-પ્રોજેક્ટ કરાવતાં પહેલાં વાંચી જવા નમ્ર વિનંતી છે. વિદ્યાર્થીઓને રંગકામ, ચિત્રકામ કરવાનું થાય છે જેનાથી સમજ સ્પષ્ટ બને. મોકડ્રીલ કરતાં પૂર્વે જરૂરી પૂર્વતૈયારી અને વિદ્યાર્થીઓને ઈજા ન થાય તેની શિક્ષકોએ કાળજી રાખવી.

જી.સી.ઈ.આર.ટી.ની આગેવાની હેઠળ જી.એસ.ડી.એમ.એ. અને એ.આઈ.ડી.એમ.આઈ.ના માર્ગદર્શનથી આ સાહિત્ય તૈયાર કરવામાં આવ્યું છે જેમાં ડાયેટનાં વ્યાખ્યાતાઓ અને એસ.આર.જી. મિત્રોએ ખૂબ ધ્યાન રાખી લેખન સંપાદન કરેલ છે. પાઠ્યપુસ્તકોની પ્રવૃત્તિઓ અને પ્રોજેક્ટને ધ્યાનમાં રાખી વિદ્યાર્થીઓ અને શિક્ષકો માટે આ માહિતી તૈયાર કરવામાં આવી છે. આશા રાખીએ કે તે સૌને ઉપયોગી થશે.

**ડૉ. ટી. એસ. જોષી**
નિયામક
જી.સી.ઈ.આર.ટી., ગાંધીનગર

**શ્રી એ. બી. પટેલ**
નિયામક
જી.એસ.ડી.એમ.એ., ગાંધીનગર

# આ પુસ્તક વિશે

બાળદોસ્તો !

જીવનમાં આવતી કુદરતી આપત્તિઓ કે માનવસર્જિત આપત્તિઓનો આપ સૌ પરિચય મેળવી તેનો નિર્ભયતા, પૂરી તાકાત, આવડત અને કૌશલ્યોથી સામનો કરી શકવા બાળવય અને તમારી કક્ષાએથી સક્ષમ અને સજ્જ  થાઓ તેવા શુભાશયથી આ પુસ્તકની રચના કરવામાં આવી છે.

આ પુસ્તકમાં આપત્તિ વ્યવસ્થાપન, આપત્તિઓના પ્રકાર, આપત્તિઓનો પરિચય, આપત્તિ પૂર્વે, આપત્તિ દરમ્યાન અને આપત્તિ બાદના કાર્યો/પ્રવૃત્તિની શક્ય વિગતવાર માહિતી સચિત્ર આપવામાં આવી છે. વિવિધ પ્રવૃત્તિઓ કરવામાં આપને આનંદ આવશે અને તમે પોતે, તમારી શાળા, ઘર, કુટુંબ, પરિવાર, સમાજ સર્વને આપત્તિ વ્યવસ્થાપનમાં સહયોગી થવામાં મદદરૂપ થશે.

# અનુક્રમણિકા


| ક્રમ | એકમ | પૃષ્ઠ |
|---|---|---|
| ૧. | આપત્તિ અને વ્યવસ્થાપન | ૦૧ |
| ૨. | કુદરતી આપત્તિ-૧ | ૦૩ |
| ૩. | કુદરતી આપત્તિ-૨ | ૦૫ |
| ૪. | માનવસર્જિત આપત્તિઓ | ૦૭ |
| ૫. | પ્રાથમિક સારવાર | ૦૯ |
| ૬. | આબોહવામાં પરિવર્તન | ૧૧ |
| ૭. | સંદર્ભ સૂચિ | ૧૩ |



# ૧. આપત્તિ અને વ્યવસ્થાપન

## હેતુ

- વિદ્યાર્થીઓ આપત્તિ અને વ્યવસ્થાપન વિશે જાણે.
- વિદ્યાર્થીઓ આપત્તિના પ્રકાર : કુદરતી અને માનવસર્જિત આપત્તિ વિશે જાણે.
- વિદ્યાર્થીઓ આપત્તિ અને વ્યવસ્થાપનની જરૂરિયાત જાણે.

## નીપજ

- વિદ્યાર્થીઓ આપત્તિ અને વ્યવસ્થાપન વિશે જાણે.
- વિદ્યાર્થીઓ આપત્તિના પ્રકાર : કુદરતી અને માનવસર્જિત આપત્તિ વિશે જાણે.
- વિદ્યાર્થીઓ આપત્તિ અને વ્યવસ્થાપનની જરૂરિયાત જાણે.

## પૂર્વતૈયારી

- આપત્તિ વ્યવસ્થાપનના પરિચય માટે શિક્ષકે (જો વિડીયો દ્વારા સમજાવવાનું હોય તો સી.પી.યુ, ડી.વી.ડી., કમ્પ્યુટર ચાલુ હાલતમાં છે કે નહીં તેની ખાતરી કરી લેવી).
- ઉપરોક્ત સંકલ્પનાને સમજાવવા ચિત્રાત્મક રજૂઆત કરવાની હોય તો ચિત્રો, ફોટોગ્રાફ્સ, વર્તમાન પત્રો, સામાયિકો, પુસ્તકો, અદ્યતન તકનિકનો ઉપયોગ કરી વૈવિધ્યસભર અને સમૃદ્ધ રજૂઆત કરવી.

## વિષયપ્રવેશ

- શિક્ષકે ધોરણ-૬ના સામાજિક વિજ્ઞાન વિષયના દ્વિતીય સત્રના પાઠ્યપુસ્તકના એકમ-૧૦નો આધાર લઈ વિષયપ્રવેશ કરવો.
- આપત્તિ અને આપત્તિ વ્યવસ્થાપન વચ્ચેનો ભેદ સમજાવવો.
- કુદરતી અને માનવસર્જિત આપત્તિ વચ્ચેનો ભેદ સમજાવવો.

- આપત્તિઓ દરમ્યાન વિદ્યાર્થીઓએ રાખવાની સાવચેતીઓ વિશે સમજ કેળવે.
- મોકડ્રીલ દ્વારા આપત્તિની સમજ કેળવે.

## અધ્યયન કાર્ય

- આપત્તિગ્રસ્ત વિસ્તારની વિડીયો ક્લિપીંગ્સ, ચિત્રો કે ફોટોગ્રાફ્સ બતાવવા. દા.ત. યુટ્યુબ, સમૂહ માધ્યમો, વર્તમાન પત્રો વગેરેનો આધાર લેવો.
- માનવસર્જિત આપત્તિઓની વિડીયો ક્લિપ્સ, ચિત્રો, ફોટોગ્રાફ્સ બતાવવા. દા.ત. ભોપાલ ગેસની દુર્ઘટના, તાજ હોટલની ઘટના વગેરે.
- આપત્તિ વ્યવસ્થાપનની જરૂરિયાત લેવાના પગલાં વિશે સમજ આપવી.
- સ્થાનિક પર્યાવરણમાં સર્જાતી આપત્તિઓનો ખ્યાલ આપવો.

## પ્રવૃત્તિ

- આપત્તિ પહેલાં અને આપત્તિ પછીના પગલાંનું વર્ગીકરણ વિદ્યાર્થીઓ પાસે કરાવવુ.
- આપત્તિ વ્યવસ્થાપન અંગેનો અંક બનાવવો.
- આપત્તિ વ્યવસ્થાપન વિશે પ્રદર્શન ગોઠવવું.

**મારી નોંધ**

..........................................................................

..........................................................................

..........................................................................

..........................................................................

..........................................................................

# ૨. કુદરતી આપત્તિ-૧

## હેતુ

- વિદ્યાર્થીઓ કુદરતી આપત્તિઓ વિશે જાણે.

## નીપજ

- વિદ્યાર્થીઓ કુદરતી આપત્તિઓ વિશે જાણે.
- વિદ્યાર્થીઓ કુદરતી આપત્તિઓથી વાકેફ થઈ સ્વબચાવ માટેના પ્રયત્નો કરશે.
- વિદ્યાર્થીઓ કુદરતી આપત્તિઓની માનવજીવન પરની અસરો વિશે માહિતગાર થશે.

## પૂર્વતૈયારી

- કુદરતી આપત્તિઓના પરિચય માટે શિક્ષકે વિડિયો, ચિત્રો, ફોટોગ્રાફ્સ, સામાયિકો, સંદર્ભ સાહિત્ય એકત્ર કરવા.
- કુદરતી આપત્તિઓ અંગે જરૂરી સાહિત્ય ઉપલબ્ધ કરવું.

## વિષયપ્રવેશ

- શિક્ષકે પ્રકરણ—૧ આપત્તિ અને વ્યવસ્થાપનનો આધાર લઈ વિષયપ્રવેશ કરવો.
- શિક્ષકે કુદરતી આપત્તિઓ : ભૂકંપ, પૂર અને ત્સુનામી વિશે એકત્ર કરેલ સાહિત્ય દ્વારા સમજ આપવી.

## અધ્યયન કાર્ય

- **કુદરતી આપત્તિઓ :** ભૂકંપ, પૂર અને ત્સુનામી અંગે વર્તમાન પત્રો, ફોટોગ્રાફ્સ, વિડીયો ક્લિપિંગ્સ, સમૂહ માધ્યમો દ્વારા સૈદ્ધાંતિક સમજ આપવી.

- ઉપરોક્ત આપત્તિઓની સમજ (ભૂકંપ માટે) મોકડ્રીલનું આયોજન કરી વિદ્યાર્થીઓને સાંકળીને સમજ આપવી.
- માળખાગત અને બિનમાળખાગત ચિત્રોનું નિદર્શન કરાવવું.

## મૂલ્યાંકન પ્રવૃત્તિ દ્વારા

- આટલું કરીએ.
- આટલું ન કરીએ.
- ભૂકંપ અને ત્સુનામી જેવી આપત્તિઓ વખતે શું શું કરવુ જોઈએ? અને શું શું ન કરવુ જોઈએ?

## પ્રવૃત્તિ

- ભૂકંપ માટે ૨૦૧૨ની ભૂકંપ આધારિત ફિલ્મ દર્શાવવી.
- ફિલ્મ - અસલી હિરો બતાવવી.
- ચેન્નઈમાં આવેલા પૂર વિશેનાં વિડીયો બતાવવા.
- જાપાનમાં થયેલ ત્સુનામીનો વિડીયો બતાવવો.

## પ્રોજેક્ટ

- ભૂકંપ પ્રભાવિત પ્રદેશોની નકશાપૂર્તિ.
- ભૂકંપ માટે ઈવેક્યુશન રૂટ બનાવો.
- ભૂકંપ પ્રભાવિત ક્ષેત્રની મુલાકાત (એક્સપોઝર વિઝીટ).

**મારી નોંધ**

.........................................................................

.........................................................................

.........................................................................

# ૩. કુદરતી આપત્તિ-૨

## હેતુઓ

- વિદ્યાર્થીઓ કુદરતી આપત્તિઓ વિશે જાણે.
- વિદ્યાર્થીઓ વાવાઝોડું, આભ ફાટવુ, કરાંવૃષ્ટિ, વીજળી પડવી, હિમશીલા ખસવી, દુકાળ જેવી કુદરતી આપત્તિઓ વિશે જાણે.

## નીપજ

- વિદ્યાર્થીઓ કુદરતી આપત્તિઓ વિશે જાણે.
- વિદ્યાર્થીઓ કુદરતી આપત્તિઓથી વાકેફ થશે.
- વિદ્યાર્થીઓ કુદરતી આપત્તિઓની માનવજીવન પરની અસરો વિશે માહિતગાર થશે.

## પૂર્વતૈયારી

- કુદરતી આપત્તિઓના પરિચય માટે શિક્ષકે જાણકારી આપવી.
- કુદરતી આપત્તિઓ અંગેના જરૂરી સાહિત્ય જેવા કે, ફિલ્મ, ફોટોગ્રાફ્સ, ચિત્રો, સંદર્ભ સાહિત્ય, સામાયિકો, વિડીયો ક્લિપિંગ્સ એકત્ર કરવા.

## વિષયપ્રવેશ

- શિક્ષકે પ્રકરણ—૧ અને ૨ આપત્તિ વ્યવસ્થાપન અને કુદરતી આપત્તિઓ—૧ નો આધાર લઈ વિષયપ્રવેશ કરાવવો.

- શિક્ષકે કુદરતી આપત્તિઓ : વાવાઝોડું, આભ ફાટવુ, વીજળી પડવી, દુકાળ વગેરે વિશે એકત્ર કરેલ સાહિત્ય દ્વારા સમજ આપવી.

## અધ્યયન કાર્ય

- કુદરતી આપત્તિઓ : વાવાઝોડું, આભ ફાટ્યુ, કરાંવૃષ્ટિ, હિમશીલા, દુકાળ વગેરે અંગે વર્તમાન પત્રો, ફોટોગ્રાફ્સ, વિડીયોક્લિપિંગ્સ, સમૂહ માધ્યમો દ્વારા સૈદ્ધાંતિક સમજ આપવી.

- ઉપરોક્ત આપત્તિઓની માનવજીવન પર થતી અસરોની સમજ આપવી.
- આપત્તિઓ વખતે લેવાની કાળજી વિશે સમજ આપવી.

## નિદર્શન

- માનવીની ભવાઈ, ગોદાન, દો બીઘા જમીન ફિલ્મ બતાવવી.
- આપત્તિઓના ચિત્ર, ફોટોગ્રાફ્સ અને વર્તમાન પત્રોના કટિંગ્સ તથા વિડીયો, સી.ડી., ડી.વી.ડી. દ્વારા નિદર્શન ગોઠવવુ.

## પ્રોજેક્ટ

- વાવાઝોડાથી થયેલા નુકસાનના સર્વેની કામગીરી.
- દુકાળગ્રસ્ત સ્થળ અને વ્યક્તિઓનાં અનુભવોનો અંક તૈયાર કરવો.

## પ્રવૃત્તિ

- ચિત્રસ્પર્ધા ગોઠવવી.
- વિદ્યાર્થી આવૃત્તિના છેલ્લા પૃષ્ઠની આગળના પાના ઉપર દર્શાવેલ પ્રવૃત્તિ શિક્ષકે વિદ્યાર્થી પાસે કરાવવી.

  દા.ત., મારી સલામતી માટેની સામગ્રી

| સામગ્રી | ચિત્ર | ઉપયોગ |
|---|---|---|
| | | |
| | | |
| | | |
| | | |
| | | |
| | | |
| | | |

# ૪. માનવસર્જિત આપત્તિઓ

## હેતુઓ

- વિદ્યાર્થીઓ માનવસર્જીત આપત્તિઓ વિશે જાણે.

## નીપજ

- વિદ્યાર્થીઓ આગ, વાહન અકસ્માત, ઘરેલુ અકસ્માત વગેરે જેવી માનવસર્જિત આપત્તિઓ વિશે જાણે.
- વિદ્યાર્થાઓ ઉપરોક્ત માનવસર્જિત આપત્તિઓથી બચવા સમજ કેળવશે.

## પૂર્વતૈયારી

- માનવસર્જિત આપત્તિઓના પરિચય માટે શિક્ષકે જાણકારી આપવી.
- વિડીયો, ચિત્રો, ફોટોગ્રાફ્સ, સામાયિકો અને સંદર્ભ સાહિત્ય.

## વિષયપ્રવેશ

- શિક્ષક સ્થાનિક બનેલી ઘટનાઓ દ્વારા તથા વિડીયો ક્લિપિંગ્સના આધારે વિષયપ્રવેશ કરશે.
- શિક્ષક વિદ્યાર્થીઓનાં અનુભવના આધારે ચર્ચા-પ્રશ્નોત્તરી કરી વિષયપ્રવેશ કરશે.

## અધ્યયન કાર્ય

- વિદ્યાર્થીઓના પૂર્વજ્ઞાનનો ઉપયોગ કરી શિક્ષકે માનવસર્જિત આપત્તિઓ જેવી કે, આગ, વાહન અકસ્માત, સર્પદંશ, ઘરેલુ અકસ્માત અને પાણીમાં ડૂબવા જેવી આપત્તિઓની સમજ આપી પોતાનો અને અન્યનો બચાવ કેવી રીતે કરી શકાય તેની ઉદાહરણ સહિત સમજ આપવી.

- માનવસર્જિત આપત્તિનો ભોગ બનેલ વ્યક્તિઓ સ્વઅનુભવ અને પોતાની થયેલી ભૂલો અંગે જાણકારી આપી મુલાકાત ગોઠવવી.

## પ્રદર્શન

- આગ, અકસ્માતની બચાવ પ્રયુક્તિના ફોટોગ્રાફ્સ બતાવવા.
- આગ હોલવવા માટે અગ્નિશમન યંત્ર દ્વારા મોકડ્રીલ કરાવવી.
- વાહન અકસ્માત બાદ બચાવપ્રવૃત્તિની મોકડ્રીલ કરાવવી.
- ઘરેલુ અકસ્માત ન થાય તે માટે કાળજી રાખવાની બાબતની સમજ આપવી.

## એક્સપોઝર વિઝીટ

- ફાયર સ્ટેશનની મુલાકાત ગોઠવવી.
- ઔદ્યોગિક આગ સામેની સેફટી જાણવા માટે ઔદ્યોગિક એકમોની મુલાકાત લેવી.
- જી.આઈ.ડી.સી.ની મુલાકાત લેવી.

## પ્રવૃત્તિ

- ટ્રાફિક નિયમન જાણવાની પ્રવૃત્તિ કરવી.

## પ્રોજેક્ટ

- શાળા, ઘર, ગામમાં આગ માટેના જોખમી સ્થળ તથા વસ્તુઓની યાદી.
- આગ બુઝાવવાના યંત્રોની યાદી.
- વાહન અકસ્માતને અટકાવવાના સ્લોગનો – સ્લોગન લેખનનું કાર્ય અથવા સ્પર્ધા.

  ઉદાહરણ તરીકે,

  ૧. ઝડપની મજા, મોતની સજા

  ૨. સલામત સવારી, સલામત જિંદગી.

# ૫. પ્રાથમિક સારવાર

## હેતુઓ

- વિદ્યાર્થીઓ પ્રાથમિક સારવાર વિશે જાણે.
- વિદ્યાથીઓ પ્રાથમિક સારવારની પદ્ધતિ વિશે જાણે.
- વિદ્યાર્થીઓ પ્રાથમિક સારવારનાં સાધનો વિશે જાણે.

## નીપજ

- વિદ્યાર્થીઓ પ્રાથમિક સારવાર વિશે જાણે.
- વિદ્યાથીઓ પ્રાથમિક સારવારની પદ્ધતિ વિશે જાણે.
- વિદ્યાર્થીઓ પ્રાથમિક સારવારનાં સાધનો વિશે જાણકારી મેળવી તેના ઉપયોગ કરતા શીખશે.

## સ્થાનિક સામગ્રી

- પ્રાથમિક સારવાર પેટી.
- પાટા.
- પ્રાથમિક કાર્યની દવાઓ.
- ફાયર સેફ્ટી.

## વિષયપ્રવેશ

- શિક્ષક દ્વારા શાળામાં રખાયેલી પ્રાથમિક સારવાર પેટીની મદદથી વિષયપ્રવેશ કરાવે.
- મોકડ્રીલ દ્વારા વિષયપ્રવેશ કરાવી શકાય.

## અધ્યયન કાર્ય

- પ્રાથમિક સારવારનાં સાધનોની સમજ આપવી.
- પ્રાથમિક સારવારનાં સાધનોનો ઉપયોગ કરતા શીખવવુ.
- પ્રાથમિક સારવાર પેટીની જરૂરિયાત સમજે.

## નિદર્શન

- પાટા બાંધવાની જુદી જુદી રીતોનું નિદર્શન કરવુ.

## પ્રોજેક્ટ

- પ્રાથમિક સારવાર કેન્દ્રની મુલાકાત ગોઠવવી.

## રોલ પ્લે

- શેરીનાટક ભજવવુ.

## પ્રવૃત્તિ

- પ્રાથમિક સારવાર વખતે શું કરવુ જોઈએ.
- પ્રાથમિક સારવાર વખતે શું ન કરવુ જોઈએ.

**મારી નોંધ**

.....................................................................

.....................................................................

.....................................................................

.....................................................................

.....................................................................

# ૬. આબોહવામાં પરિવર્તન

## હેતુઓ

- આબોહવામાં થયેલા પરિવર્તન વિશે જાણે.
- આબોહવામાં થયેલા પરિવર્તનનાં કારણો વિશે જાણે.
- આબોહવામાં થયેલા પરિવર્તનના કારણે માનવજીવન પર થતી અસરો વિશે જાણે.

## નીપજ

- આબોહવામાં થયેલા પરિવર્તન વિશે જાણશે.
- આબોહવામાં થયેલા પરિવર્તનનાં કારણો વિશે જાણશે.
- આબોહવામાં થયેલા પરિવર્તનના કારણે માનવજીવન પર થતી અસરો વિશે જાણશે.

## પૂર્વતૈયારી

- ધોરણ–૮ની સામાન્ય વિજ્ઞાન પાઠ્યપુસ્તકના પૂર્વજ્ઞાનનો આધાર લઈ પૂર્વતૈયારી કરવી.
- ગ્લોબલ વોર્મિંગની અસરોના વિડીયો, ફોટોગ્રાફસની પૂર્વતૈયારી કરાવવી.
- આબોહવાની વિપરીત અસરોના કારણે માનવજીવનની નકારાત્મક અસરો વિશે માહિતી, ફોટોગ્રાફસ, વિડીયો એકત્રિત કરી ભેગા કરવા.

## વિષયપ્રવેશ

- બાળકોના પૂર્વજ્ઞાનના આધારે આબોહવામાં જોખમ પરિવર્તનનું નિદર્શન કરાવવુ.
- ધોરણ-૮ના એકમનો આધાર લઈ ગ્લોબલ વોર્મિંગની અસરો વિશે સમજ આપી વિષયપ્રવેશ કરાવવો.

## અધ્યાપન કાર્ય

- શિક્ષક આબોહવામાં આવેલ પરિવર્તન વિશે ઉદાહરણ સહિત ચિત્રાત્મક રજૂઆત કરશે.

- આબોહવામાં પરિવર્તનના કારણે વિશ્વ ઉપર માનવજીવનની ઉપર આવનાર અસરો વિશેની સમજણ પેદા કરશે.
- ગ્લોબલ વોર્મિંગને અટકાવવા આપણે શું શું કરી શકીએ તે અંગે સમજ આપવી.

## પ્રોજેક્ટ

- પ્લાસ્ટિકમુક્ત શાળા/ગામ.
- ટપકતાં નળ ગામ કે શાળાનો સર્વે.
- પાણીનો બગાડ અટકાવવા જનજાગૃતિ.

## પ્રવૃત્તિ

- વૃક્ષારોપણ.
- નિર્બંધસ્પર્ધા.
- ચિત્રસ્પર્ધા.

## એક્સપોઝર વિઝીટ

- ઔદ્યોગિક એકમોની મુલાકાત ગોઠવવી.

## નિદર્શન

- વિડીયોક્લીપીંગ, ફોટોગ્રાફ.
- પપેટ શો.

**મારી નોંધ**

.............................................................................

.............................................................................

.............................................................................

# ૭. સંદર્ભ સૂચિ

## સંદર્ભ પુસ્તકોની માહિતી

- વિશ્વ બેંક
- મોકડ્રીલ માર્ગદર્શિકા, સેઈફ સ્કૂલ, ગુજરાત શાળા સલામતીની પહેલ, જી.એસ.ડી.એમ.એ.
- શિક્ષકોની તાલીમ માટેની માર્ગદર્શિકા, જી.એસ.ડી.એમ.એ.
- સેઈફ સ્કૂલ, ગુજરાત શાળા સલામતીનાં પગલાં, જી.એસ.ડી.એમ.એ.
- આપત્તિ વ્યવસ્થાપન, લેખન સંપાદન : જગદીશ ગઢવી, માહિતી કમિશનર, ગુજરાત રાજ્ય, ગાંધીનગર
- આફતનિવારણ, ઓલ ઇન્ડિયા ડિઝાસ્ટર મિટિગેશન ઇન્સ્ટિટ્યૂટ, અમદાવાદ

## આપત્તિ વ્યવસ્થાપનની વિવિધ સંસ્થાઓ

- ઓલ ઇન્ડિયા ડિઝાસ્ટર મિટિગેશન ઇન્સ્ટિટ્યૂટ, અમદાવાદ
- વિશ્વ બેંક
- સંયુક્ત રાષ્ટ્ર વિકાસ કાર્યક્રમ (યુ.એન.ડી.પી.)
- યુનિસેફ
- જિલ્લા આફત વ્યવસ્થાપન યોજના – ગ્રામ્ય સ્તરે
- તાલુકા આફત વ્યવસ્થાપન યોજના – તાલુકા સ્તરે
- શહેરી આફત વ્યવસ્થાપન યોજના – શહેર સ્તરે
- ગુજરાત સ્ટેટ વાઈલ્ડ એરીયા નેટવર્ક
- સ્ટેટ ડિઝાસ્ટર રેસ્ક્યુ નેટવર્ક
- ઈન્ડિયા ડિઝાસ્ટર રેસ્ક્યુ નેટવર્ક
- ગુજરાત રાજ્ય આપત્તિ વ્યવસ્થાપન સત્તામંડળ

## શાળાનાં વિદ્યાર્થીઓને ઉપયોગી થાય તેવી વેબસાઈટની માહિતી

1. Admission News www.admissionnews.com/
2. Brainpop www.brainpop.com
3. Dimdima www.dimdima.com/
4. edHelper.com www.edHelper.com
5. eSiksha www.esiksha.com/
6. India Education Stat www.indiaeducationstat.com/
7. India Education www.indiaeducation.net/
8. Indiaedu www.bestindiaedu.com/
9. Kids Web India www.kidswebindia.com/
10. National Portal of India http://india.gov.in/topics/education
11. Pitara http://www.pitara.com/
12. Room 108 www.netrover.com/~kingskid/108.html
13. Vidya Online http://www.vidyaonline.net/
14. Vikaspedia http://vikaspedia.in/education/career-guidance/useful-websites-for-students
15. Youngbuzz www.youngbuzz.com/

## શાળાનાં શિક્ષકોને ઉપયોગી થાય તેવી વેબસાઈટની માહિતી

1. Department of School Education & Literacy http://mhrd.gov.in/teacher-education-overview
2. GOI Web Directory http://goidirectory.nic.in/index.php
3. Gujarat State Disaster Management Authority Websites links http://gsdma.org/
4. Indian Education Websites links http://studentsusefulwebsites.blogspot.in/
5. Ministry of Human Resource Development http://mhrd.gov.in/e-contents
6. National Portal of India http://india.gov.in/topics/education/elementary-education

# મારી સલામતી માટેની સામગ્રી

| સામગ્રી | ચિત્ર | ઉપયોગ |
|---|---|---|
| | | |
| | | |
| | | |
| | | |
| | | |
| | | |
| | | |
| | | |


INDIA
Earthquake Hazard Map
(showing faults, thrusts and
earthquakes of magnitude ≥ 5)
Punjab
Haryana
Uttar Pradesh
Rajasthan
Madhya Pradesh
Gujarat
Jharkhand
Chhattisgarh
Orissa
Maharashtra
Daman & Diu
Dadra & Nagar Haveli
Goa
Karnataka
Andhra Pradesh
Lakshadweep
ARABIAN SEA
BAY OF BENGAL
INDIAN OCEAN
Andaman
5.0 – 6.0
6.1 – 7.0
7.1 – 7.9
≥ 8.0
Fault
Sub-surface Fault
Shear Zone
Neotectonic Fault
Thrust
Neotectonic Thrust
Trench Axis
Suture
Normal Fault
Strike slip Fault
Volcano
Zone V : Very High Damage Risk Zone (MSK IX or more)
Zone IV : High Damage Risk Zone (MSK VIII)
Zone III : Moderate Damage Risk Zone (MSK VII)
Zone II : Low Damage Risk Zone (MSK VI or less)
bmtpc
Note : The territorial waters of India extend into the sea to a distance of twelve nautical miles measured from the appropriate base line
BMTPC : Vulnerability Atlas –2nd Edition; Peer Group, MoH&UPA; Map is Based on digitised data of SOI, GOI; Seismic Zones of India Map IS:1893 –2002, BIS, GOI,
Seismotectonic Atlas of India and its Environs, GSI, GOI



